*<u>ખાનગી</u>*

***લાંચ રુશ્વત વિરોધી પગલાં પ્રોસીક્યુશનમાં થતી ઢીલ નિવારવા બાબત.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : લરવ/૨૦૮૦-૧૫૬૦-હ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓકટોબર, ૧૯૮૦.

***વંચાણમાં લીધા :-*** *(૧) ગૃહ વિભાગ, પરિપત્ર ક્રમાંક : એસીબી/૨૫૬૮/૩૯૮૧/હ. તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૫ અને ક્રમાંક : લરવ/૩૨૬૮/૭૮/હ. તા. ૧૦મી જાન્યુઆરી, ૧૯૬૮,*

*(૨) ગૃહ વિભાગ અંગ્રેજી પરિપત્ર ક્રમાંક : એસીબી/૧૦૬૭/જીઓઆઈ/૧૫૮૬/એચ. તા. ૮મી જુલાઈ, ૧૯૭૬,*

**પરિપત્ર**

ગૃહ વિભાગના ઉપર નિર્દિષ્ટ પરિપત્રોથી જે કિસ્સામાં લાંચરુશ્વત વિરોધી ખાતા તરફથી ફોજદારી રાહે કાર્યવાહી કરવાની મંજૂરી માટેની દરખાસ્તો મળે ત્યારે સક્ષમ અધિકારીએ મોડામાં મોડી બે મહિનામાં મંજૂરી આપી દેવાની સ્પષ્ટ સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. તેમ છતાં સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે, લાંચ રુશ્વત છટકાના સફળ કેસોમાં જે તે વિભાગ કે સંબંધિત સક્ષમ અધિકારી દ્વારા કોર્ટ રાહે પગલાં લેવાની મંજૂરી આપવામાં ઘણી જ ઢીલ કરવામાં આવે છે અને તે કારણે સાક્ષીઓ ફોડી કસૂરદારને છટકી જવાની સંપૂર્ણ તક મળી જવા સંભવ રહે છે. તેથી આવા કિસ્સાઓમાં સંબંધિત વિભાગો તરફથી કોર્ટમાં કામ ચલાવવા માટે માંગવામાં આવતી મંજૂરી તાત્કાલિક મળી જાય તે જરૂરી છે.

૨. આથી સત્તા ધરાવતા અધિકારીઓ તેમજ સચિવાલયના સર્વે વિભાગોને ગૃહ વિભાગના તા. ૧૦મી જાન્યુઆરી. ૧૯૬૮ના પરિપત્ર ક્રમાક : લરવ/૩૨૬૮/૭૮-હ, થી આપવામાં આવેલ નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા ફરીથી વિનંતી કરવામાં આવે છે.

(૧) જે કિસ્સામાં લાંચ રુશ્વત વિરોધી ખાતા તરફથી ફોજદારી રાહે કાર્યવાહી કરવા માટેની મંજૂરીની દરખાસ્તો, સચિવાલયના લાગતા વળગતા વિભાગો પાસે કે તેવી મંજૂરી આપવાની સત્તા ધરાવતા અધિકારી પાસે આવે ત્યારે તાત્કાલિક અગર તો મોડામાં મોડી બે મહિનામાં તેવી મંજૂરી આપી દેવી.

(૨) લાંચ રુશ્વત વિરોધી ખાતાએ તેમની દરખાસ્ત સાથે મંજૂરી આપતો કાચો મુસદ્દો પ્રવર્તમાન હુકમો મુજબ ઘડી સત્તા ધરાવતા અધિકારીની સરળતા માટે મોકલવો.

(૩) ફોજદારી રાહે કાર્યવાહી કરવાની મંજૂરી મળી ગયેથી સઘળી કાર્યવાહી પૂરી કરીને એક માસમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રફુલ્લ ગુપ્તે**

સરકારના નાયબ સચિવ